*સ્ટીવ જોબ્સ તો હવે નથી પણ ૧૨ જૂન ૨૦૦૫ના રોજ સ્ટાનફોર્ડ યુનિવર્સિટીમાં આપેલું આ દીક્ષાન્ત પ્રવચન વાંચતા સમજાશે કે તેઓ જીવનના પડકારો કેવી અદ્ભૂત રીતે ઝીલતા હતા. અબજોનાં આસામી સ્ટીવ જોબ્સ સાવ સાદુ જીવન જીવ્યા પણ આઇપોડ જેવા સાધનને બજારમાં મુકી તેમણે કરોડોને પોતાનાં કર્યા છે. એપલ અને મેકિન્ટોશ કમ્પ્યુટરના આ સર્જક હંમેશા કહેતા થિન્ક ડિફરન્ટ જુદું વિચારો, અહીં યોગેશ કામદાર વડે અનુદિત આ વકતવ્ય તમને ઉર્જાથી ભરી દેશે.*

# કોઈની મરજી મુજબ જીવવામાં તમારી જિંદગી વેડફી ન નાંખતા



સમગ્ર વિશ્વમાં ટોચના વિશ્વ વિદ્યાલયોમાંના એકમાંથી આજે તમે જયારે પદવી મેળવવાના છો ત્યારે તમારી સમક્ષ ઉપસ્થિત રહેવાનું આમંત્રણ મળ્યું તેને હું મારું સન્માન ગણું છું. હું તોમારી જિંદગીમાં કોઈ શૈક્ષણિક પદવી મેળવી નથી શકયો. ખરું કહું તો કોઈ પણ પ્રકારની શૈક્ષણિક પદવીની જો હું નજીકમાં નજીક પહોંચી શકયો હોઉં તો તે છે આજનો પ્રસંગ આજે હું તમને મારા જીવનને લગતી ત્રણ વાતો કહેવા ઈચ્છું છું. બસ તેટલું જ, વધુ નહીં માત્ર ત્રણ વાતો.

પહેલી વાત છે ટપકાં જોડવાની.

રીડ કોલેજમાં મેં છએક મહિના અભ્યાસ કરી ભણતર છોડી દીધું. જો કે ત્યાર બાદ પણ લગભગ દોઢેક વર્ષ હું કોલેજમાં આંટા ફેરા કરતો રહ્યો અને પછી કોલેજને સાવ તિલાંજલી આપી દીધી. મે અભ્યાસ અધૂરો કેમ છોડયો?

આની શરૂઆત તો મારા જન્મ પહેલાં જ થઈ હતી. મારી જન્મદાત્રી મા કોલેજની એક અપરિણીત વિદ્યાર્થીની હતી. તેણે મને દત્તક આપવાનો નિર્ણય કર્યો ત્યારે તેનો ખાસ આગ્રહ હતો કે મને દત્તક લેનારા પોતે સ્નાતક હોવા જ જોઈએ મારા જન્મ વખતે જ એક વકીલ અને તેની પત્ની મને દત્તક લે તેવું નકકી કરાયું. હવે થયું એવું કે મારા જન્મ સાથે મને દત્તક લેવાનાં હતાં. તે દંપતીએ નિર્ણય બદલ્યો અને કહ્યું કે તેમને તો દીકરી જોઈએ છે. એટલે જેમણે બાળક દત્તક લેવાની યાદીમાં નામ નોંધાવી રાખ્યાં હતાં તેવા દંપતી મારાં પાલક માતાપિતાનો સંપર્ક કરાયો. અને તે પણ મધરાતે પૂછયું: 'અમારી પાસે એક તાજા જન્મેલો પુત્ર દત્તક આપવા માટે અણધાર્યો મળ્યો છે. તમારે જોઈએ છે?' તેમણે તો રાજીના રેડ થઈ હા પાડી કે મારી પાલક માતાએ કોલેજનું શિક્ષણ પૂરું નહોતું કર્યું અને મારા પાલક પિતાએ તો શાળાનું શિક્ષણ પણ અધૂરું મૂકયું હતું. એટલે મારી જન્મદાત્રી માતાએ તો દત્તક પ્રક્રિયાના દસ્તાવેજો પર સહી કરવાની સાફ ના પાડી. જયારે થોડા મહિનાઓ પછી મને દત્તક લેવા ઈચ્છતા દંપતીએ તેને ખાતરી આપી કે તેઓ મને વધુ અભ્યાસાર્થે કોલેજમાં જરૂર મોકલશે ત્યારે મારી જન્મદાત્રી માએ દસ્તાવેજો સહી કર્યા.

અને ૧૭ વર્ષ પછી મેં કોલેજમાં પ્રવેશ પણ મેળવ્યો. મારી અણસમજને કારણે મેં તમારી સ્ટાનફોર્ડ કોલેજ જેટલી જ મોંઘી કોલેજ પસંદ કરી. અને જિંદગીભર પરસેવો પાડીને મારાં મા-બાપે જે થોડીઘણી બચત કરી હતી કે બધી મારી કોલેજના અભ્યાસમાં ખર્ચાઈ ગઈ. શરૂઆતના છ મહિનામાં જ મને આ અભ્યાસ નિરર્થક જણાવા લાગ્યો. મને ન તો મારે મારી જિંદગીમાં શું કરવું છે તેનો ખ્યાલ હતો કે ન તો કોલેજનો અભ્યાસ મને આ નકકી કરવામાં મદદરૂપ થાય તેમ હતો. અને હું મારાં મા-બાપે મહામહેનતે રળેલી મૂડી મારા અભ્યાસ પાછળ ખર્ચી રહ્યાં હતાં. એટલે મેં કોલેજનો અભ્યાસ અધૂરો મૂકી દેવાનો નિર્ણય લીધો એ આશા સાથે કેસૌ સારાંવાનાં થઈ રહેશે. તે વખતનો સમય ઘણો બિહામણો લાગતો હતો પણ આજે જયારે ભૂતકાળમાં નજર નાખું છું. ત્યારે લાગે છે કે મારી જિંદગીમાં લેવાયેલો એ સારામાં સારો નિર્ણય હતો. જેવું મેંઅભ્યાસ છોડી દેવાનું નકકી કર્યુ કે મને અણગમતા વિષયોના વર્ગમાં હાજરી આપવામાંથી મુકિત મળી અને મને જે વિષયોમાં રસ પડતો કે વર્ગોમાં હું જઈ શકતો.

આ અનુભવ જરાય રોમાંચક નહોતો. મારી પાસે તો વિદ્યાર્થીગૃહમાં એક કમરો પણ નહોતો. મારા મિત્રોની રૂમમાં જમીન પર સૂઈ રહેતો. કોકા-કોલાની ખાલી બાટલીઓ હું પાછી આપતો. જે પાંચેક સેંટ મળ્યા તેમાંથી કાંઈ ખાઈ તો શકાશે. તેવી આશાથી અને દર રવિવારે સાતેક માઈલ જેટલું ચાલીને હરે રામ મંદિરમાં જતો. પેટ ભરીને ભોજન મળે તે ઈરાદાથી આ બધામાંથી મને આનંદ મળતો. મારી જિજ્ઞાસાવૃતિને કારણે હું જયાં જયાં ભટકયો તે અનુભવો મારી ભવિષ્યની જિંદગીમાં મારા માટે વરદાનરૂપ નીવડયા એક દાખલો આપું.

**સહિયારા પ્રયત્નોથી મારા ઘરનાં ભડકિયામાં એપલ કોમ્પ્યુટર બનાવ્યું ત્યારે મારી ઉંમર હતી ૨૦ વર્ષની અમે પૂરી તાકાત લગાવી જહેમત કરી અને દસ વર્ષના ટૂંકા ગાળામાં જ બે વ્યકિતઓએ ભડકિયાથી શરૂ કરેલા આ પ્રયત્ન પલટાયો બે અબજ ડોલર અને ૪૦૦૦ કર્મચારીઓ વાળી કંપનીમાં અમે અમારું સર્વોત્તમ સર્જન મેકિન્ટોશ કોમ્પ્યુટર બનાવ્યું હતું અને ત્યારે મારી વય હતી ૩૦ વર્ષ.**

રીડ કોલેજમાં ત્યારે બીજે કયાંય ન ઉપલબ્ધ હોય તેવો અપ્રિતમ અભ્યાસક્રમ હતો. સુલેખનનો આખી કોલેજમાં દરેક પોસ્ટર કે નામની તકતી સુંદર મરોડદાર અક્ષરોથી લખાયેલી હતી. મેંતો ભણવાનું છોડી દીધું હતું. એટલે મારે માથે નિયમિત વર્ગો ભરવાની કોઈ જવાબદારી નહોતી રહી. મેં સુલેખનના વર્ગો ભરવાનું ઠેરવ્યું. અક્ષરો, તેમની જુદી જુદી ભાતો, આંખને રીઝવે તેવા મરોડ, બે અક્ષરો વચ્ચે છોડવી પડતી. સંતુલિત ખાલી જગ્યા, જુદા જુદા અક્ષરો વચ્ચે કેટલું અંતર રાખીએ તો સુંદર ગોઠવણ લાગે. વગેરેમાં મને આનંદ મળવા માંડયો. આમાં સૌંદર્ય, કલાત્મકતા નજાકતા હતાં જે વિજ્ઞાન સમજાવી શકે તેમ નથી.

જો કે આમાંનું કશુંય મારી રોજબરોજની જિંદગીમાં કોઈ જાતના ખપમાં આવશે તેવી તો કોઈ આશા પણ કરવાનો અર્થ નહોતો. પણ દસ વર્ષ બાદ જયારે અમે મેકિન્ટોશ કોમ્પ્યુટરની રચનામાં લાગ્યા હતા ત્યારે આ બધું ઉપયોગી નીવડયું. મેક કોમ્પ્યુટરની ડિઝાઈનમાં મેં આ જ્ઞાનનો પૂરેપૂરો ઉપયોગ કર્યો. સુંદર અક્ષરોની સગવડવાળું તે પહેલું કોમ્પ્યુટર હતું. જો દસ વર્ષ પહેલા મેં સુલેખનનો અભ્યાસ ન કર્યો હોત તો મેક કોમ્પ્યુટરમાં કયારે પણ જાત જાતના સુંદર અક્ષરોની સગવડ ન કરાઈ હોત. અને બીજા કોઈ કોમ્પ્યુટરમાં પણ આ ઉપલબ્ધ ન થયું હોત. કાર ણકે વિન્ડોઝ તો મેકની નકલ જ છે. જો મેં અભ્યાસ અડધેથી પડતો ન મૂકયો હોત તો મેં કયારેય સુલેખનના વર્ગો ન ભર્યા હોત અને આજનાં કોમ્પ્યુટરોમાં જે સુંદર અક્ષરોની વ્યવસ્થા અને સગવડ મળે છે તે મળી ન હોત એમ હું માનું છું. અલબત્ત ભવિષ્ય સામે તાકીને ટપકાં જોડી આ અનુભવમાંથી કોઈ ભાત ઊભી કરવાનું ત્યારે શકય નહોતું પણ દસ વર્ષ પછી ભૂતકાળમાં ડોકિયું કરતાં આ બધું દીવા જેવું સ્પષ્ટ લાગેલું.

ભવિષ્ય સામે જોઈ ટપડાં જોડવાનું શકય નથી. માત્ર ભૂતકાળનો અનુભવ જ જુદા જુદાં કપડાંઓમાંથી એક સ્પષ્ટ ભાત ઉપજાવી શકે. એટલે અત્યારે જુદા જુદા ટપકાઓ જેવી લાગતી વિગતો ભવિષ્યમાં જરૂર કોઈ સુરેખ ભાત પેદા કરશે તેવી શ્રદ્ધાંથી આગળ વધો. શ્રદ્ધા તો જોઈશે જ તમારી બાહોશીમાં કર્તૃત્વમાં, કર્મોમાં, જિંદગીમાં આ અભિગમ મને કયારેય નિષ્ફળતા નથી આપી અને મારા જીવનમાં જે કરી શકયો છું તે આને પરિણામે જ.

મારી બીજી વાત છે પ્રેમ અને નુકસાનને લગતી હું નસીબદાર છું. જિંદગીનાં શરૂઆતના વર્ષોથી જ મને શું કરવામાં રસ છે તેની મને જાણ હતી. વોઝ (સ્ટીવ વોઝનેક) અને મેં સહિયારા પ્રયત્નોથી મારા ઘરનાં ભડકિયામાં એપલ કોમ્પ્યુટર બનાવ્યું ત્યારે મારી ઉંમર હતી ૨૦ વર્ષની અમે પૂરી તાકાત લગાવી જહેમત કરી અને દસ વર્ષના ટૂંકા ગાળામાં જ બે વ્યકિતઓએ ભડકિયાથી શરૂ કરેલા આ પ્રયત્ન પલટાયો બે અબજ ડોલર અને ૪૦૦૦ કર્મચારીઓ વાળી કંપનીમાં અમે અમારું સર્વોત્તમ સર્જન મેકિન્ટોશ કોમ્પ્યુટર બનાવ્યું હતું અને ત્યારે મારી વય હતી ૩૦ વર્ષ. આવે વખતે મને કંપનીમાંથી પાણીચું પરખાવાયું તમને થશે મેં જ સ્થાપેલી કંપનીમાંથી મને જ પાણીચું એ કેમ બને? વાત એમ હતી કે જેમ જેમ એપલ કંપનીની પ્રગતિ થવા માંડી તેમ મને લાગ્યું કે ધંધો ચલાવવા એક કુશળ વ્યકિતને પણ હું મારી સાથે સામેલ કરું. પહેલું વર્ષ તો બધું સમુંસૂતરું ચાલ્યું પણ પછી કંપનીના ભવિષ્ય માટેની અમારી કલ્પનાઓમાં અંતર પડવા માંડયું. અને તેમાંથી સર્જાયા તીવ્ર મતભેદો જયારે વાત વરણી ત્યારે કંપનીના બીજા ડાયરેકટરોએ પેલી વ્યકિતને સાથ આપવાનું પસંદ કર્યુ અને એટલે ૩૦ વર્ષની ઉંમરે હું મારી જ સ્થાપેલી કંપનીમાંથી બહાર ફેકાઈ ગયો તે પણ કેવી રીતે? દુનિયા આખીએ આ તમાશો માણ્યો તેવી જાહેર રીતે મારા અસ્તિત્વનું કેન્દ્રબિંદુ જ જાણે ભૂંસાઈ ગયું હું તદ્દન હચમચી ઊઠયો.

થોડા મહિનાઓ સુધી તો શું કરવું તેનો કોઈ ગતાગમ જ ન પડી. સાહસિકોની એક નવી પેઢીને મેં છેહ આપ્યો છે અને જેમણે મારા પર શ્રદ્ધાં રાખી હતી તેમને મેં દુભાવ્યા છે તેવી લાગણી મને સતાવતી રહી હું ડેવિડ પેકાર્ડ અને બોબનોયસને મળ્યો અને મારા છબરડા માટે તેમની માફી માગી. મારી નિષ્ફળતા અને નાલેશીનો જાણે જાહેર ઢંઢેરો પીટાયો હતો, મારું કાર્યક્ષેત્ર છોડી પલાયન થવાના પણ વિચારો આવ્યા. આવા વખતે મને અંદરથી જ એક સ્ફુરણા થવા લાગી. મેં આજ સુધી જે કાંઈ પણ કર્યું છે તેમાં મને આનંદ જ આવ્યો છે અને મારી નિષ્ફળતાએ આ હકીકત પર કોઈ જ અસર નહોતી કરી. ભલે હું તરછોડાયો હોઉં, ત્યજાયો હોઉં પણ મારા કાર્ય પ્રત્યેનો મારો પ્રેમ તો સાબૂત જ હતો. મેં નવેસરથી શરૂઆત કરવાનું નક્કી કર્યું.

ત્યારે તો મને કલ્પના પણ નોહતી આવી પણ પછી મને લાગ્યું કે એપલમાંમારી હાકલપટ્ટી થઈ તે મારા માટે સારામાં સારી ઘટના હતી. સફળતાના ભારેખમ બીજાને સ્થાને નવા નિશાળિયા જેવી હળવાશ લાગવા માંડી-કોઈ પ્રકારની પૂર્વકલ્પિત નિશ્ચિતતા વગરની મોજીલી સ્વતંત્રતા. એ મને દોરી ગઈ મારા જીવનની સૌથી સર્જનાત્મક તબક્કા તરફ. **(અપૂર્ણ)**